ક્રમાંક:ધ/માધ્ય/અનદ-૧/૨૦૧૯/7684-7717

કમિશનર શાળાઓની કચેરી
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર
તા૧૬ ૩/૨૦૧૯

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી
તમામ.

વિષય: રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની જગ્યા માટેના ઈન્ટરવ્યુ હાલમોકુફ રાખવા બાબત

સંદર્ભ –(૧) આ કચેરીના પત્ર ક્રમાંક:ધ/માધ્ય/અનદ-૧/૨૦૧૯/૫૯૬૨-૫૯૯૫ તા.૨૭/૨/૧૯

(૨) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીના પત્ર ક્રમાંક: ઈએલસી /૧૦૨૦૧૯/૨૫૨/છ(MCC) તા. ૧૪/૩/૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો જેઓએ આચાર્યની જગ્યા માટેના ઈન્ટરવ્યુ માટે ઉમેદવારી નોંધાવેલ છે. આ શિક્ષકો હાલ ચૂંટણીની કામગીરી માં રોકાયેલા હોવાથી ઈન્ટરવ્યુમાં હાજર રહી શકે તેમ નથી. આ પ્રકારની રજૂઆત એક શિક્ષક દ્વારા મુખ્ય ચૂંટણી અધિકારીને થયેલ છે. જે અત્રે સચિવશ્રી (શિક્ષણ) મારફત મળેલ છે.

આ રજૂઆત પરત્વે કાળજી પૂર્વક વિચારણા કરતાં જણાયું કે લોકસભાની સામાન્ય ચૂંટણીમાં મોટાભાગના શિક્ષકોના ફાળે ચૂંટણીની ફરજો આવેલ હોઈ, તે સંજોગોમાં તેવા શિક્ષકો આચાર્ય માટેની ઈન્ટરવ્યુ પ્રકીયામાં ઉપસ્થિત થઈ શકે નહીં તે સ્વાભાવિક છે.

ઉપરોક્ત સંજોગોમાં આચાર્ય ભરતીની ઈન્ટરવ્યુની પ્રકીયા હાલ ચૂંટણી પ્રકીયા સુધી મોકુફ રાખવા જણાવવામાં આવે છે.

[signature]
(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક શાખા
ગુ.રા.ગાંધીનગર.

પ્રતિ,
આચાર્યશ્રી તમામ (બ.કાં. જિલ્લો)
ઉક્ત પત્રમાં જણાવેલા મુજબ આચાર્ય ભરતીની ઈન્ટરવ્યુની પ્રક્રિયા હાલ પુરતી - મુલતવી રાખવામાં આવે છે

[signature]
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.